BUSINESS Mix Plus

હાલના સંજોગોમાં રિસ્ક મેનેજમેન્ટ ઘણું જરૂરી છેઃ ખરીદીઓમાં સાવધાની રાખો

શરૂઆતના ધુબાકા પછી બજારોમાં પ્રવાહો ફરી બેઠા થયા છે. હાયર લેવલો પર બજાર માટે જોખમો સર્જે તેવો ખંચકાટ અસ્તિત્વમાં છે ત્યારે પણ આપણે હકારાત્મક અભિગમ જાળવી રાખ્યો છે. આ પ્રવાહ ચાલુ રહ્યો છે જ્યારે 8730 નજીકની રેલી એક સલાય એરિયા તરીકે ચાલુ રહી છે. બજાર પર કોઇ ચોક્કસ સેક્ટરનો પ્રભાવ નથી. ત્રીજા ક્વાર્ટરના કંપનીઓના પરિણામો પણ મિશ્ર રહ્યા છે ત્યારે તે બાબત પણ નિફ્ટીની આગેકૂચને રોકી રહી છે.

વિકલી ચાર્ટસ સંકેત આપે છે કે જેના પર ઘણો સટ્ટો રમાયો હતો તે 17700 પરના રેઝિસ્ટન્સ પરથી 17900 સુધી થોડી ગતિ દેખાઇ પણ તે વધુ ટકી શકી નહીં. ફોલો થ્રુ એક્શનના અભાવે બજારમાં ગભરાટ દેખાયો પણ છેવટે હાયર વિકલી કલોઝીંગ જોવા મળ્યું. હકારાત્મક વલણ ફરી શરૂ થવાનું એક કારણ મજબૂત વૈશ્વિક સંકેતો પણ છે. ગેપ્સ ટ્રીકી રહ્યા છે અને તેઓ હંમેશા રિવાઇવલ સર્જવામાં સફળ રહ્યા છે. વધુમાં આવર્લી ચાર્ટસ પરની મેઇડન લાઇન પણ કેટલાક આશાના કિરણો ધરાવે છે. બેન્ક નિફ્ટી અને આઇટી ઉપર તરફ જવાની કેટલીક તૈયારી બતાવી રહ્યા છે અને નિફ્ટી પણ રિવાઇવલને કન્ફર્મ કરી રહ્યો છે, જ્યારે આપણે ઓક્ટોબરના અંત સુધીમાં નિફ્ટી 18800 સુધી જાય તેવી અપેક્ષા રાખી શકીએ છીએ. બજારમાં હકારાત્મક વલણ જળવાઇ રહ્યું છે અને આપણે 17900ની ઉપર અથવા 17700 નજીકના ઘટાડે 18200 તરફના વધારા માટે કેટલુંક લાંબા ગાળાનું રોકાણ શરૂ કરી શકીએ છીએ.

નિફ્ટીમાં કેટલાક ખંચકાટ છતાં બેંક નિફ્ટી સપોર્ટસ પર મક્કમપણે ઉભો છે. સપ્તાહની શરૂઆતથી જ જાહેર ક્ષેત્રની બેંકોમાં મજબૂત રેલી ચાલુ રહી છે અને તેના કારણે તાજેતરની નીચાઇઓ પરથી એક સરસ રિકવરી સર્જાઇ રહી છે. બેંક નિફ્ટીમાં મજબૂત વધારાને કારણે બજારો નોંધપાત્ર રીતે સુધર્યા છે.

હાલમાં બજારના ખેલાડીઓનું ધ્યાન એના પર કેન્દ્રિત થયું છે કે આ ક્ષણે નિર્ણયોને પ્રભાવિત કરી રહેલી અનિયંત્રિત ચંચળતાને કઇ રીતે હાથ ધરવી. આપણે જ્યારે એક્સપાઇરી વીકમાં પ્રવેશી રહ્યા છીએ ત્યારે કોઇ ચોક્કસ સેક્ટર પ્રવાહોને પ્રભાવિત કરી રહ્યું નથી તેવા સમયે આપણે સેક્ટર રોટેશન પર મીટ માંડી શકીએ છીએ. સંકેતો શેરલક્ષી અભિગમ રાખવાનું સૂચવે છે અને બીજા ક્વાર્ટરના પરિણામોના આધારે શેરો પસંદ કરવા યોગ્ય રહેશે. પ્રવાહો ઇન્ડ્રાડે પ્રકારના રહ્યા છે ત્યારે રિસ્ક મેનેજમેન્ટ ઘણુ જરૂરી છે. આથી હાલના લેવલે અને ઘટાડે ખરીદીનો મિશ્ર અભિગમ રાખો અને કંઇક સ્પષ્ટ પ્રવાહ દેખાય ત્યારે જ પગલું ભરો.

ચાર્ટ એડવાઇઝ

■ રાજા વેંકટરામન

કેપીઆઇટી ટેકનોલોજીસઃ સીએમપી ૩૬૯.૨૫

એન્ટ્રી	સ્ટોપ	ટાર્ગેટ	ટિપ્પણીઓ
૩૭૨ પર ખરીદો ૩૪૫ નજીક ઘટાડે ખરીદો	૩૩૫	૩૯૫	---

આ શેરમાં પ્રવાહો ક્લાઉડ એરિયા તરફ ઢળ્યા બાદ હવે મજબૂત વધારો સર્જાયો છે. આપણે આમાં ૩૪૦-૩૪૫ની આજુબાજુના વિસ્તારને ડીપ બાય ઝોન તરીકે જોઇ શકીએ છીએ. આ શેરમાં પ્રવાહો જો એકધારા રહે તો તે એક નવો રિબાઉન્ડ સર્જી શકે છે. આ સેટ અપ આશાભર્યું દેખાઇ રહ્યું છે. ૩૯૫ તરફના વધારા માટે ૩૩૫ નીચે સ્ટોપ રાખીને ૩૭૨ની ઉપર અને ૩૪૫ નજીકના ઘટાડે ખરીદો.

CHART ADVISE

ટ્રેડિંગમાં આપણને સૌને મુશ્કેલી પડે છે. એ અસામાન્ય નથી પણ અસામાન્ય એ છે કે એને કેમ ઉકેલવી એ ખબર નથી.

ફ્રી વેબિનાર

શેરબજારમાં સફળ થવા માટે ક્વીક ટ્રેન્ડ રીડિંગ

સંખ્યા વધી રહી છે. તમારી હાલત ક્રોકોટ બની જાય, એ પહેલાં આજે એટેન્ડ કરો. એમાં ચાર્ટ એનાલિસિસ એક્સપર્ટ રાજા વેંકટરામન તમને એવો સાતત્યપૂર્ણ અભિગમ બતાવશે જે તમારી બજારને લગતી ઘણી સમસ્યાઓ ઉકેલી નાખશે

ક્વીક ટ્રેન્ડ રીડિંગ

» હાઇ પ્રોબેબિલિટી સેટ અપ્સ સમજવા » હાઇ પ્રોફિટ ડે ટ્રેડ્સ ગોઠવવા » બ્રેક આઉટ ટ્રેડિંગ ઇન્સાઇટ્સ વિકસાવવી

તારીખ : શનિવાર, ૨ ઓક્ટોબર
સમય : સવારે ૧૧ કલાકે

૨ કલાકના આ પાવર પેક્ડ વેબિનારમાં તમને ઘણું શીખવા મળશે

વેબિનારમાં જોડાવવા આ ક્યુઆર કોડ સ્કેન કરો Or આ લિંક વડે તમે વેબિનારમાં જોડાઇ શકો છો અને એ સાવ નિઃશુલ્ક છે https://zoom.us/webinar/register/WN_mr0ANkecQJyqoPlVi3uqfg

જીએચસીએલઃ બંધ ૪૧૯.૫૦

એન્ટ્રી	સ્ટોપ	ટાર્ગેટ	ટિપ્પણીઓ
૪૨૧ની ઉપર ખરીદો ૪૦૫ નજીક ઘટાડે ખરીદો	૩૯૮	૪૪૧	---

આ શેરમાં કેટલીક મજબૂત દોડ દેખાઇ છે અને રેન્જમાં કેટલોક સમય ગાળ્યા બાદ આમાં કેટલુંક રિવાઇવલ દેખાયું છે. પુરા એક મહિના સુધી નીચલા સ્તરે પડી રહ્યા બાદ અને વી શેપ રિકવરી રચ્યા બાદ આ શેરે ગયા સપ્તાહે ઉપર તરફ એક મજબૂત થ્રસ્ટ બતાવ્યું છે અને આનું ફોલોઅપ પણ કેટલુંક પોઝિટિવ ટ્રેકશન બતાવી રહ્યું છે જે આ સપ્તાહે ફોલો થવાની આશા છે. સતત ઢળતા સેનકોઉ બેન્ડ્સ આ શેરમાં આગામી દિવસોમાં સંભવિત અપસાઇડને દર્શાવે છે. આમાં ૪૪૧ તરફના ટાર્ગેટ માટે ૩૯૮નો સ્ટોપ રાખીને ૪૨૧ની ઉપર અથવા ૪૦૫ નજીક ઘટાડે લોંગ કરવાનું વિચારો.

(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)

જીએમએમ પીફાઉલ્ડરના શેરો રાખી મૂકવા કે વેચી દેવા?

પ્ર.: મારી પાસે જીએમએમ પીફાઉલ્ડરના ૬૬૦૦ની કિંમતે ખરીદેલા ૨૦ શેરો છે. આ શેરો અંગે મને કંઇ સલાહ આપશો. - જગજીત સિંઘ

ઉ.: આ શેરોમાં ઓવરઓલ સેટઅપ કન્જેશન મોડમાં છે. જો આ લેવલ તૂટે તો ઇમિડિયેટ સ્ટોપ ૪૮૦૦ પર છે. જો આની નીચે તમને ઇઓડી બંધ જોવા મળે તો તમારે બધા શેરો વેચી દેવા જોઇએ. જો આમાં કિંમતો ૪૮૦૦ની ઉપર જાય તો તમે હજી વધુ કેટલાક શેરો ખરીદી શકો.

ચાર્ટ એડવાઇઝ Q&A

■ ડૉ. સી.કે. નારાયણ

(લેખક ૪૦ વર્ષોનાં અનુભવી છે અને ટેકનીકલ એનાલીસીસમાં લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ વિજેતા છે.)

ડિસ્ક્લેમર: આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજોગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-ઉના સરનામા પર અથવા ઇ-મેઇલ કરો અમને chartadvise@gujaratmitra.in પર

ચીનના આંચકા ભારત સહિત વિશ્વના અનેક દેશોને લાગી શકે

ભારતનું અર્થતંત્ર આપણા મુખ્ય મેક્રો ઇકોનોમીક પેરામીટર્સ પર તો આધારિત હોય જ. પણ વૈશ્વિકરણને કારણે વિશ્વના અન્ય મુખ્ય દેશોમાંના આર્થિક પ્રવાહોથી પણ એટલું જ પ્રભાવિત થાય છે. ગયે અઠવાડિયે ફેડરલ રિઝર્વે બોન્ડ - બાયીંગ પ્રોગામ દ્વારા અપાતા સ્ટીમ્યુલસ બંધ કરવાના અપાયેલ સંકેતો તેમજ ચીનની રીઅલ એસ્ટેટ કંપની એવરગ્રાન્ડ નાદારી પણ નોંધાવે એવા સંકેતોના પ્રત્યાઘાત મધ્યમ ગાળામાં આપણા અર્થતંત્ર તથા આપણા સ્ટોક માર્કેટ પર પડ્યા સિવાય રહે નહીં.

એ સિવાય મૂડીરોકાણકારો માટે તેમને જરૂરી મંજૂરીઓ માટે સીંગલ વીન્ડો સિસ્ટમ શરૂ કરાઇ રહી હોવાની જાહેરાત પણ મૂડીરોકાણકારોનો વિશ્વાસ વધારશે. ઉપરાંત આ જાહેરાત દ્વારા સરકારે એ સિગ્નલ આપ્યું છે કે અર્થતંત્રને મહામારીથી થયેલ નુકસાનમાંથી બહાર કાઢવા માટે જરૂરી આર્થિક સુધારાઓ બાબતે પણ સરકાર પાછી પાની નહીં કરે.

રોજના નોંધાતા નવા કેસોની ચડઉતરનો ઘટનાક્રમ ચાલુ જ છે. બીજી લહેર કહો કે ત્રીજી લહેર મહામારીના નવા કેસો અમુક જિલ્લા કે રાજ્યો પૂરતા મર્યાદિત ભલે રહ્યા પણ કુલ કેસો સતત ઘટતા રહેવાનો ક્રમ હજી શરૂ થયો નથી. વેક્સીનની ઝડપ સતત વધતી રહી છે એ મોટી રાહત.

એ બધા પ્લસ-માઇનસ વચ્ચે વડાપ્રધાન મોદીની અમેરિકાની મુલાકાત પણ ભારત માટે ફળદાયી નિવડશે તેવા સંકેતો મળે છે. યુએનની બેઠક દરમ્યાન વિશ્વમાંથી આતંકવાદની નાબૂદી, વૈશ્વિક સ્તરે જરૂરી કોવિડ-૧૯ મહામારીને અટકાવવાના પ્રયાસો અને ક્લાઇમેટ ચેન્જ (ગ્લોબલ વોર્મિંગ)ને ગંભીરતાથી લેવાનું પુનરૂચ્ચારણ ભારતના આર્થિક વિકાસ માટેનું અનુકૂળ વાતાવરણ સર્જી શકે.

ફીસ્કલ ૨૨ માં ભારતનો આર્થિક વિકાસનો અંદાજિત દર ૧૦ ટકા

એશિયન ડેવલપમેન્ટ બેંકે (એડીબી) ફીસ્કલ ૨૨ માટે ભારતના આર્થિક વિકાસનો ૧૦ ટકાનો દર જાળવી રાખ્યો છે. બીજા મોજાની અસર ઘટી રહી છે એટલે કેટલાયે રાજ્યો તેમની આર્થિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી રહ્યા છે. વેક્સીનેશનની ઝડપને કારણે દેશવ્યાપી સર્વેના તારણ પ્રમાણે દેશની બે - તૃતિયાંશ વસ્તીની કોરોના અને અન્ય વાયરસ સામે) રોગપ્રતિકારક શક્તિ વધી છે. એટલે ત્રીજી લહેરથી થનાર નુકસાન પણ મર્યાદિત રહેવાનું.

તેમની આવક પર ગંભીર અસર થઇ હોવાને કારણે ખાનગી ક્ષેત્રે વપરાશ ખર્ચ અને મૂડીરોકાણમાં ધાર્યો વધારો ન પણ થાય. ખાનગી ક્ષેત્રે પડનાર મૂડીરોકાણની આ ઘટ જાહેર ક્ષેત્રે શરૂ કરાયેલ એસટ મોનેટાઇઝેશનને કારણે પૂરી થઇ શકે. તે દ્વારા માળખાકીય સવલતો વધે, અને નવી રોજગારીનું સર્જન થાય તો થોડા ટાઇમ ગેપ સાથે ચીજવસ્તુઓની માંગ પણ વધવાની. આવતા ત્રણ વરસમાં આવા એસેટ મોનેટાઇઝેશન દ્વારા રૂપિયાના છ લાખ કરોડનું મૂડીરોકાણ માળખાકીય સવલતો વધારવાના ક્ષેત્રે થઇ શકે.

ચીનની કંપની નાદારી નોંધાવે તો તેની અસર પણ ભારત પર પડી શકે. હકીકતમાં ચીનના ફાઇનાન્સીઅલ સેક્ટર કેટલું સધ્ધર કે નબળું છે તેનો વિશ્વને સાચો અણસાર નથી, ભારતના નજીકના ભવિષ્ય વિષે કાંઇ ચોક્કસપણે કહેવું કઠિન

ઓઇસીડીના અંદાજ પ્રમાણે પણ ફીસ્કલ ૨૨ માં આપણા આર્થિક વિકાસનો દર ૯.૭ ટકાનો રહી શકે.

ઇન્પુટ કિંમતોનો વધારો તહેવારોને ટાંકણે ચીજવસ્તુઓની માંગ પર બ્રેક લગાવી શકે.

અનેક તહેવારોની વચ્ચે અને દશેરા-દિવાળી જેવા તહેવારોની પૂર્વ સંધ્યાએ ફાસ્ટ-મુવીંગ કન્ઝ્યુમર ગુડ્ઝ કંપનીઓએ ઇન્પુટ અને ફ્યુઅલના વધતા ભાવોને લીધે તેમની ચીજવસ્તુઓની વધી રહેલ પડતર કિંમતો અંગે ચિંતા વ્યકતક કરી છે. બીજી લહેર ઓસરી રહી હોવાથી માંગમા સંભવિત વધારો થવાની રહી સહી આશા પણ આ ભાવવધારાને કારણે ખતમ થઇ જઇ શકે 'જથ્થાબંધ ભાવાંકના ઓગષ્ટ મહિને થયેલ ૧૧.૪ ટકાના ડબલ ડિજિટ વધારો પણ વધી રહેલ ઇન્પુટની કિંમતોનું સૂચન કરે છે.

ખાનગી ક્ષેત્રે માંગ ઘટે તો જાહેર ક્ષેત્રે મૂડીખર્ચ વધારીને સરકારની બધી સ્કીમ અને કાર્યક્રમોના અસરકારક અમલ માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાની અને માહિતીને વેલ્થ ગણીને તેનો ડિજીટલ પ્લેટફોર્મ દ્વારા ઉપયોગ કરવાની સલાહ પણ વડા પ્રધાને અમલદારોને આપી છે.

ચાલુ વરસે ૨૦૨૧-૨૨ માં ખરીફ અને શિયાળુ (રવી) પાકનું ઉત્પાદન ૩૦૭૦ લાખ ટનનું (૨૦૨૦-૨૧ માં ૩૦૮૦ લાખ ટન) અંદાજાયું છે. આને કારણે કિસાનોની આવક વધે તો ચીજવસ્તુઓની માંગ, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં, વધી શકે. અત્યાર સુધી (જૂન ૧ થી સપ્ટેમ્બર ૨૧) ચોમાસામાં વરસાદની ખાદ 3 ટકા જેટલી રહી છે.

કેટલાક સમયની પૂરી ન થઇ શકી હોય તેવી ચીજવસ્તુઓની માંગનો વધારો અને મહિનાઓથી ઘરની બહાર આનંદ-પ્રમોદની પ્રવાસ માટે બહાર ન નીકળી શકવાને કારણે હવેના મહિનાઓમાં સેવાઓની (ટ્રાવેલ અને ટુરિઝમ) માંગનો વધારો અને વિશ્વના અર્થતંત્રના સુધારાને પગલે આપણી નિકાસોનો વધારો આપણી ચીજવસ્તુઓ અને સેવાઓ માટેની કુલ માંગમા વધારો કરી શકે. એમ બને તો આર્થિક વિકાસના દરમાં વેગ આવે.

ઓઇસીડીના અહેવાલ પ્રમાણે ૨૦૨૧ માં વિશ્વનો આર્થિક વિકાસનો દર ૫.૭ ટકા અને ૨૦૨૨ માં ૪.૫ ટકાનો રહેવાની સંભાવના છે.

દસ ઇમોર્જિંગ દેશોમાં ભારતનું સ્થાન

ઓગસ્ટ મહિને બીજા નંબરે

ઓગસ્ટ મહિને ૧૦ ઇમર્જિંગ દેશોમાં ભારતનું સ્થાન બીજુ રહ્યું: સાત મેક્રો - ઇકોનોમિક પેરામીટર્સ (જીડીપી, આયાત, નિકાસ, છૂટક ભાવવધારો, પીએમআઇ, વિદેશી હૂંડિયામણના દરના ફેરફાર તથા માર્કેટ કેપીટલાઇઝેશન) પર આધારિત આ ૧૦ દેશોના મૂલ્યાંકનમાં રશિયા પ્રથમ સ્થાને, ચીન ચોથે નંબરે અને મલેશિયા દસમે સ્થાન પર રહ્યું.

ડેલોઇટના એક સર્વે પ્રમાણે (સેમ્પલ સાઇઝ: ૧૦૦૦) કોવિડના ઘટતા કેસો અને વેક્સિનેશનની વધતી ઝડપે લોકોનો વિશ્વાસ વધાર્યો છે. પરિણામે તેઓ 'વર્ક ફ્રોમ હોમ'ને બદલે ઓફિસે જવા માટે પણ તૈયાર છે. આવતા ત્રણ મહિનામાં તેમના ઇન્ટરનેશનલ ટ્રાવેલ માટેના પ્લાન પણ તૈયાર છે. અમેરિકા ભારતમાંથી આવતા પ્રવાસીઓ માટેના અવરોધો ઓછા કરવાનું વિચારે છે, બ્રિટન સાથેના આપણા વેક્સીનેશનના સર્ટિફિકેટને માન્યતા પણ મળી જઇ શકે. એ સંજોગોમાં ઇન્ટરનેશનલ ટ્રાવેલ ચોક્કસ વધવાનું.

આ પરિણામો આર્થિક રીતે ઉપલા વર્ગ માટે લાગુ પડતા હોય તો પણ તેમની સોચનો આ ફેરફાર પણ આપણા આર્થિક વિકાસ સંદર્ભે આવકાર્ય છે. તેમના દ્વારા કરાતા ખર્ચને કારણે જે માંગ ઊભી થાય તેનો નાનો - મોટો ફાયદો તેમને જરૂરી સેવાઓના ક્ષેત્રે કામ કરતા મધ્યમ વર્ગને પણ થવાનો જ. પેન્ડેમિકને કારણે ઘટી ગયેલ તે વર્ગની આવક વધવાની ત્રીજી લહેરની અસર ઓછી રહે તો તહેવારોની સિઝનમાં આર્થિક પ્રવૃત્તિઓના અનેક ક્ષેત્રે જાન આવી શકે.

આર્થિક સુધારાઓનો દોર ચાલુ

મૂડીરોકાણકારોને તેમના પ્રોજેકટો માટે જરૂરી મંજૂરી માટે સરકારી ઓફિસોના ચક્કરો કાપવામાંથી મુકત કરવા માટે સરકારે ઓનલાઇન સીંગલ વિન્ડો પ્લેટફોર્મ શરૂ કર્યું છે જે દ્વારા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા જરૂરી મંજૂરી તો મળશે જ. ઉપરાંત પ્રોજેકટો માટે અત્યંત જરૂરી એવી લેન્ડ બેંકની માહિતી પણ મળશે. તેમને જોઇતી સરકારી મંજૂરીઓની ગતિવિધિ (તેમની ફાઇલો કોના ટેબલ પર છે તેની માહિતી) નું મોનિટરીંગ પણ કરી શકશે. હાલમાં આ પ્લેટફોર્મ ઉપર કેન્દ્ર સરકારના ૧૮ ડિપાર્ટમેન્ટ અને ૯ રાજ્યોનો સમાવેશ કરાયો છે. તબક્કાવાર ઓટોમેટિક મંજૂરી માટેના આ પ્લેટફોર્મનો વિસ્તાર કરાશે અને અન્ય કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ તથા રાજ્ય સરકારો ઉમેરાશે.

ચાલુ વર્ષે પ્રથમવાર મહિના (એપ્રિલ-જૂલાઇ) માં સીધુ વિદેશો મૂડીરોકાણ (૨૦.૪ બિલિયન ડોલર) ગયા વરસ (૯.૬ બિલિયન ડોલર) કરતા બમણાથી પણ વધુ થયું. મહામારીની બીજી અને ત્રીજી લહેર વચ્ચે થયેલ આ વધારા માટે ભારત ગર્વ લઇ શકે તેમ છે. આર્થિક વિકાસનો દર વધારવા માટે હાલમાં ઘટેલ મૂડીરોકાણ વધારવાની અનિવાર્યતા વિષ બે મત ન હોઇ શકે. એટલે સરકાર દ્વારા કરાતા આ દિશાના બધા સુધારાઓ આર્થિક વિકાસને વેગ આપે તેવા અને એટલે આવકાર્ય છે.

ફેડરલ રિઝર્વ અને ચીનની સેન્ટ્રલ બેંકના પગલા ભારતના આર્થિક વિકાસને મોટી અસર કરી શકે

ફેડ દ્વારા વ્યાજના દર ધાર્યા કરતા વહેલા (આવતા વરસની શરૂઆતથી જ) વધારવાના અને બોંડ પરચેઝ પ્રોગ્રામની ગતિ ઘટાડવાના (મહામારીથી અસરગ્રસ્ત થયેલ અર્થતંત્રને મદદ કરવા અપાતી રાહતનું પેકેજ) સંકેત ભારતમાં આવતા નવા વિદેશી મૂડીરોકાણના ઘટાડા કે થયેલ મૂડીરોકાણ પાછું ખેંચવા) દ્વારા ભારતના આર્થિક વિકાસ પર અવળી અસર કરી શકે. અમેરિકન અર્થતંત્ર સુધારા તરફી છે તેની સાથે ભાવવધારો પણ ત્રણ દાયકાની ઉંચી સપાટીએ છે. એવી જ રીતે ચીનની એવરગ્રેનડ કંપની નાદારી નોંધાવે તો તેની અસર પણ ભારત પર પડી શકે.

હકીકતમાં ચીનના ફાઇનાન્સીઅલ સેક્ટર કેટલું સધ્ધર કે નબળું છે તેનો વિશ્વને સાચો અણસાર નથી. એટલે એ વધારે નબળુ પુરવાર થાય તો ભારત સહિત વિશ્વના અનેક દેશોને તેના આંચકા લાગે. એકબીજા દેશો આર્થિક સંબંધોથી સંકળાયેલા (ઇન્ટરકનેકટેડ) હોય તેના અનેક ફાયદા સામે એનો મોટો ગેરફાયદો પણ છે. આમ આંતરિક અને બાહ્ય પડકારોનો સામનો કરી રહેલ ભારતના નકજીના ભવિષ્ય વિષે કાંઇ ચોક્કસપણે કહેવું કઠિન છે.

અર્થકારણ-રાજકારણ

જીતેન્દ્ર સંઘવી

દિવાળી સુધીમાં સેન્સેક્સ 70000 થવાની ચાલતી ચર્ચા

શેરોમાં વણથંભી તેજીએ ભાવાંક, માર્કેટ કેપ, રિટેઇલ ઇન્વેસ્ટરોની સંખ્યામાં વધારા જેવા નવા સીમાસ્તંભો ઉભા કર્યા

ભારતીય શેરબજારમાં છેલ્લા 10-12 મહિનાથી ચાલી રહેલા અવિરત-વણથંભી તેજીના કાણે સેન્સેક્સે શુક્રવારે 60000 પોઇન્ટની સપાટી કૂદાવી દીધી છે. અને ઉંચામાં 60333 બોલાઇ ગયો છે. જ્યારે નિફ્ટી 17853ના આંકડે પહોંચ્યો છે.

સેન્સેક્સમાં છેલ્લા 5000 પોઇન્ટનો ઉછાળો છેલ્લા ફક્ત 55000 પોઇન્ટન સપાટી 13મી ઓગસ્ટે સૌપ્રથમવાર કુદાવ્યો હતો.

કોવિદ-19 ચાલતો હતો ત્યારે માર્ચ 2020માં સેન્સેક્સ 2.3 ગણો ઉછળવા પામ્યો છે જે વિશ્વના આગેવાન અન્ય શેરબજારોની સરખામણીમાં સૌથી વધુ ઉછાળો દર્શાવે છે. ઓગસ્ટ માસતી જોઇએ તો ભારતમાં બેન્ચમાર્ક સૂચકાંકોમાં 15 ટકા જેટલો ઉછાળો જોવા મળેલ છે. જેની સામે વિશ્વના શેરબજારો આ સમયગાળા દરમ્યાન ફ્લેટ-ચુસ્ત રહ્યા હતા તેમ કરી શકાય.

સીસ્ટમમાં ભરપુર લીક્વીડીટીની સાથે સતત વધી રહેલ પ્રત્યક્ષ ટેક્સ કલેકશને અર્થતંત્રમાં ઝડપી સુધારાનો વધી રહેલ વધુ પ્રબળ બની રહેલ આસાવાદે લોકલ અને ગ્લોબલ ઇન્વેસ્ટરોની સતત લેવાલીએ બજાર નવી નવી લાઇફટાઇમ ચી સપાટીઓ સર કરી રહેલ છે.

ચાલુ વર્ષમાં વિદેશી ઇન્વેસ્ટરોએ રૂ. 65000 કરોડ એટલે કે નવ અબજ ડોલરનું જંગી રોકાણ કરેલ છે. વેક્સીનેશનની વધી રહેલ ઝડપ, ઇન્ફ્રેકશનમાં જોવા મળી રહેલ ઘટાડો અને દેશભરમાં મહંદઅંશે ઘટી રહેલ પ્રતિબંધો, તથા દેશના અર્થતંત્રના હાઇ ફ્રિકવન્સી ઇન્ડીકેટર્સમાં સુધારો સતત જોવા મળતો હોવાથી ઇન્વેસ્ટરોનું સેન્ટીમેન્ટ તેજી તરફી વધુ બુલંદ બન્યું છે.

23 જુલાઇ, 1991માં સેન્સેક્સ 1000 પોઇન્ટના બેઇઝ સાતે શરૂ થયો હતો, તે 31 વર્ષની સફરમાં 60000 પોઇન્ટ કુદાવી ગયેલ છે. તે 31 વર્ષની સફરમાં 60000 પોઇન્ટ કુદાવી ગયેલ છે. સેન્સેક્સે 7 ફેબ્રુઆરી, 2006ના રોજ 1000ની સપાટી કુદાવી 10082 બોલાયો હતો. જ્યારે 11 ડિસેમ્બર, 2007ના રોજ 20000 કુદાવી 20,291 બોલાયો હતો. જેમાં 462 ટ્રેડિંગ સેશન થયા હતા. જ્યારે 26 એપ્રિલ, 2017 (2318 ટ્રેડિંગ સેશનમાં) 30000 કુદાવીને 30133 બોલાયો હતો. જ્યારે 3 જુન, 2019 (520 ટ્રેડિંગ સેશનમાં) 40000 કુદાવીને 40218 બોલાયો હતો.

પછી 3 ફેબ્રુઆરી, 2021ના રોજ (410 ટ્રેડિંગ સેશનમાં) 50000 કૂદાવીને 50256 બોલાયો અને 24 સપ્ટેમ્બર, 20ના રોજ (158 ટ્રેડિંગ સેશનમાં) 60000 કૂદાવીને 60040 બોલાયો હતો.

બીજી બાજું બીએસઇની માર્કેટ કેપ જે 11 ઓક્ટોબર, 1999ના રોજ રૂ. 7.4 ટ્રીલીયન હતી તે 24 સપ્ટેમ્બર, 2021ના રોજ ઉછળતી રહીને રૂ. 261.2 ટ્રીલીયન થઇ ગઇ છે.

લીક્વીડીટી ઘટવાની, વ્યાજદરો વધવાની, વિશ્વ ઉંચા કુગાવાના દરોમાં સપડાવવાની, ચીનના હાલકડોલક થઇ રહેલા અર્થતંત્રને જોતાં કોમોડીટીઝના ભાવોમાં ગાબડાં પડવાની શકયતા જોતાં હવે સાવચેતી રાખવાની જરૂરિયાત

બજારના જાણકારોના જણાવ્યા પ્રમાણે છેલ્લા 18 માસમાં ઢગલો-અસંખ્ય ફર્સ્ટ-ટાઇમ ઇન્વેસ્ટરો બજારમાં દાખલ થય છે અને ખાસ આંચકાઓ વગરની અવિરત તેજીએ તેઓને ઉંચા ઉંચા વેલ્યુએશન બોલાતા હોવા છતાં શેરોની ખરીદી માટે તેઓનો જુસ્સો સતત વધતો જ રહ્યો છે.

ઇકોનોમી ઇન્સાઇડર

ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં સેન્સેક્સમાં 25 ટકાનો ઉછાળો નોંધાયો છે. લેહમેન ક્રોકોટી પછી હાલની તેજીમાં સ્ટોક વેલ્યુએશન ઘણી ઉંચી સપાટીએ પહોંચ્યા છે. 50000ના આંક વખતે પી-ઇ રેશિયો 34.2 ટકા અને માર્કેટ કેપ ટુ જીડીપી રેશિયો 102.7 હતો. જે 60000નો આંક વટાવતા પી-ઇ રેશિયો 31.3 ટકા થયો છે અને માર્કેટ કેપ ટુ જીડપી રેશિયો 127.6 બોલાયો હતો.

સેન્સેક્સના છેલ્લા 10000 પોઇન્ટના ઉછાળામાં ફક્ત પાંચ સ્ક્રીપો-રિલાયન્સ (29 ટકાનો ઉછાળો), ઇન્ફોસીસ 39 ટકા, ટીસીએસ 22 ટકા, આઇસીઆઇસીઆઇ બેન્ક 16 ટકા અને બજાજ ફાઇનાન્સમાં 49 ટકાના ઉછાળાનો સમાવેશ થાય છે.

સેન્સેક્સ છ વર્ષમાં 30000 પોઇન્ટ વધ્યો છે. ખાસ કરીને કોવિદ-19 વખતે 23 માર્ચ, 2020ના રોજ 25981ના નીચા સ્તરે પહોંચ્યા બાદ છેલ્લા 18 માસમાં 34000 પોઇન્ટનો ઉછાળો નોંધાયો છે. હવે દિવાળી સુધીમાં 70000થી 75000 પોઇન્ટ થવાની લોકોને આશા બંધાઇ છે.આ 18 માસમાં નવા જ જેઓએ ભાગ્યે જ મંદીના કડાકા જોયા હશે. તેવા 2.71 કરોડ નવા રિટેઇલ ઇન્વેસ્ટરો જોડાયા છે. ફેબ્રુઆરી 2020માં ઇન્વેસ્ટરોની સંખ્યા 4.02 કરોડ હતી, તે ઓગસ્ટ 2021 સુધીમાં વધીને 6.73 કરોડની થઇ છે.

હવે બીલીયન ડોલરનો સવાલ એ ચર્ચાઇ રહ્યો છે કે આ તેજી ટકશે, આગળ વધશે કે તેજીનો ફુગ્ગો ફુટશે. તેજીવાળા અઢળક કમાયા છે અને અર્થતંત્રની રીકવરીએ તેઓનો જોમ-જુસ્સો વધારેલ છે. જોકે, એક કરેકશન તો નફારૂપી વેચવાલીની શકયતા જોતાં આવશે ખરૂ.

તો બીજી બાજું ભારત સહિત વિશ્વભરમાં ફુગાવો વધતો રહેવાની શકયતા, ચીનથી સતત આવી રહેલ નિરાશાજનક સમાચારો, ચીનની કંપની અવાન્ડેની નાદારીના અહેવાલો, ભારતીય રિઝર્વ બેન્ક તેની હાલની ડોવિશ નીતિમાં ફેરફાર કરે અને સીસ્ટમમાંથી લીક્વીડીટી ઓછી કરવાના તથા વ્યાજદરમાં વધારો કરવા વિચારણા કરે તેવો ભય અને વિશ્વમાં કોમોડીટીઝમાંનું સૌથી મોટું ગ્રાહક એવું ચીન ખરીદી ઘટાડે તો કોમોડિટિઝના ભાવોમાં કડાકો બોલે, સાથેસાથે ચીનનું અર્થતંત્ર ડામાડોળ બને. ઉપરાંત ફેડ રિઝર્વ દ્વારા ગમે ત્યારે વ્યાજદરમાં વધારો કરાશે તેવો સંકેત અપાયો છે. ફુડનો ભાવ ફરીને સતત વધી રહેલ છે.

બીજી બાજું બીએસઇ ખાતે ગણી ગાંઠી સ્ક્રીપોના જ ભાવો ઉછળી રહ્યા છે તે જોતાં આને બ્રોડબેઇઝ તેજી કરી શકાય કે તેવી પણ ચર્ચા ચાલી રહી છે. ટૂંકમાં હવે આવનારો સમય ખૂબજ જ સાવચેતીપુર્વક શેરોમાં કામકાજ કરવાનો છે. કારણ કે આઇપીઓ ભરવાનો ક્રેઝ શેરબજારની લીક્વીડીટી ખેંચી પણ લઇ શકે.